શ્રીનાથજી સત્ય છે.

શ્રી.

અખૂટ દોલતનું ઉગ્ર છત્ર ધરાવનાર

મુંબઈ નગરીના

મહાન પરોપકારી અને ધર્માત્મા

શેઠજી સાહેબોના

પવિત્ર ચરણના શરણમાં એક અરજી.

અરજી લખી મોકલનાર

શ્રી કન્યા વિક્રય નિષેધક સમાજના વ્યવસ્થાપક

તથા કન્યા વિક્રયની ક્રુરતા નાટકના.

લેખક—લક્ષ્મીદાસ પરમાણંદદાસ બુતા રાજુલાકર.

મુંબઈ—નિર્ણયસાગર પ્રેસમાં છાપ્યું

સને ૧૯૧૭.

"શ્રી સત્યમેવજયતે"

"શ્રી મનુષ્ય યત્ન—ઇશ્વર કૃપા."

ભાવનગરના લોકપ્રિય દિવાન સાહેબ.

સર પ્રભાશંકર પટણીએ કન્યાવિક્રયની ક્રૂરતા.

નાટકને માટે આપેલો વ્યાજબી ઇનસાફ એક નમ્ર વિનંતી.

હીંદુ સંસારને ફક્ત બોધ આપવાને માટે "કન્યા વિક્રયની ક્રૂરતા" નામનું નાટક લેખક લક્ષ્મીદાસ પરમાણંદદાસ ભુતા રાજુલાકરે રચી તૈયાર કરેલું છે. આ નાટકની બહોળા ભાગમાં ફતેહમંદી થવાથી હીંદુ સંસારને કંઈક વિશેષ લાભ મળશે એવા પ્રબળ હેતુથી આ નાટકને નાટકશાળામાં પાત્રો સહિત પ્રત્યક્ષ ભજવી બતાવવામાં આવે છે આ નાટક જોવા આવવાની કંઈપણ ટીકીટ લેવામાં આવતી નથી એટલે તદ્દન મફત બતાવવામાં આવે છે અને પુસ્તકની કીમત મહા પ્રયાસે ઉત્પન્ન કરી કંપનીએ ગરીબ સંસાર પ્રમાણે સુખે, દુઃખે, ખર્ચ નીભાવી પોતાનો પ્રયાસ શરૂ રાખેલો છે.

નાટક એ નામ બહુજ ખરાબ છે અને એ વાત પણ સત્ય છે જેથી આ કંપનીને શ્રીમંત વર્ગ ઉત્તેજન આપતાં

સંકોચાય છે અને તેથી કરીને આ કંપનીને અત્યાર સુધીમાં બાહુજ દુઃખ ખમવું પડ્યું છે, પણ કુદરતના દરબારમાં આ ગરીબ લેખકના મહા પ્રયાસનો ન્યાય હોવાથી ભાવનગરના લોકપ્રિય દિવાન સાહેબ **સર પ્રભાશંકર દલપતરામ પટણી** સાહેબે પોતાના **ધર્મપત્ની રમાબાઇ** સહિત આ નાટક જોવાને માટે ખાસ પોતાની માનવંતી હાજરી આપી હતી ખેલ પુરે-પુરો જોઇ ઘણાજ ખુશી થયા અને નાટકશાળાના સ્ટેજ ઉપર આવી હજારો પ્રેક્ષકોની સમક્ષ નિચે પ્રમાણે ભાષણ આપી આ લેખકને "કન્યા વિક્રયની ક્રૂરતા" નાટકને માટે વ્યાજબી ઇન્સાફ આપ્યો છે.

"પટણી સાહેબનું ભાષણ."

ગૃહસ્થો અને બાનુઓ,

આ દાઢીના ધોળા વાળ થયા તેની અંદર મે ઘણી વખત નાટક જોવામાં હાજરી આપી હશે પણ નાટકશાળામાં સ્ટેજના તખ્તા ઉપર આવી નાટક સંબંધી ભાષણ કરવાનો વખત આવ્યો હોય તો આજના ખેલના લેખક મી. ભુતાને માટે, મારી આખી જીંદગીમાં આજે આ પહેલોજ છે. આજના કન્યાવિક્રય નાટકના પ્લોટનું બંધારણ હિંદુ સંસારને માટે અતિ ઉપયોગી છે. વળી આખા ખેલમાં કન્યા વિક્રય કરનારને બોધ આપવાના શબ્દો સિવાય બીજું કાંઇપણ બતાવવામાં આવ્યું નથી. તેમાં કન્યા-વિક્રય નિષેધક "પ્રાણલાલ" નો પાર્ટ ભજવી બતાવવાની મી. ભુતાની મહેનત તથા કન્યાવિક્રયના દુઃખમાં રીબાતી કન્યાનું કરૂણાજનક દુઃખદર્શનની જોનાર માણસને ઘણીજ અસર થાય છે. બીજા અંકમાં ફાંસીનો સીન ભજવાય છે, તે સીન પ્રેક્ષ-કોનું ખાસ ધ્યાન ખેંચે છે; આ સીન જોતાં મારૂં પોતાનું હૃદય

ભરાઇ આવ્યું હતું આ પ્રમાણે બીજા પ્રેક્ષકોનું હૃદય ભરાઈ આવતું હશે તેમાં કાંઇપણ નવાઈ જેવું નથી. હાલમાં બીજી નાટક કંપનીઓ પોતાના ધંધા રોજગાર તરીકે નાટકો ભજવે છે તો તે નાટકોની લાઇનમાં આજનું કન્યાવિક્રયનું નાટક કોઈપણ રીતે મુકી શકાય તેવું નથી એટલે તે નાટકને અને આજના નાટકને જમીન અને આસમાન જેટલો તફાવત રહેલો છે, આજનું કન્યાવિક્રયનું નાટક સ્ત્રીવર્ગને તથા બાળકોને જોવાથી કોઈપણ જાતની ખરાબ અસર થાય તેમ મારૂં માનવું નથી માટે દરેક કુટુંબે આ ખાસ ખેલ જોવા આવવાની તસ્દી લેવી અને લેખકને બનતું ઉતેજન આપવું એવી મારી ભલામણ છે. હું જોઇને અજબ થાઉછું કે ભાડાની સીન સીનેરીમાં ખેલ ભજવી બતાવી સેંકડો રૂપીઆનો ખર્ચ ભોગવી હજારો માણસોને મફત નાટક બતાવી બોધ આપવાનો મહા અદ્‌ભુત પ્રયાસ મી. ભુતાએ પોતાની નાની ઉમ્મરમાં જે ઉપાડી લીધો છે તેને માટે ખરેખર જેટલા ધન્યવાદ અપાય તેટલા ઓછા છે.

ઉપર પ્રમાણે ભાષણ કર્યા બાદ પટણી સાહેબે રૂા. ૫૦) પચાસની રોકડ રકમ આ લેખકને અર્પણ કરેલી છે. આ ઉપરથી મુંબઈ નગરીના શ્રીમંત ગૃહસ્થો જાણી શકશે કે આ નાટક કંપની નથી પણ હીંદુ સંસારમાં ચાલતા કન્યાવિક્રયના કરપીણ રીવાજનો અંધકાર દુર કરવાનો મહા પ્રયાસ છે.

શેઠ વલ્લભદાસ જમનાદાસની માનવંતી હાજરી.

કાલબાદેવી રોડપર રહેતા ભાટીયા જ્ઞાતિમાં અગ્રેસર ગણાતા લક્ષાધિપતિ શેઠ વલ્લભદાસ જમનાદાસ પોતાના સહકુટુંબ સહિત એક વખત આ ખેલ જોવા પધારેલા હતા, આ કંપનીની શરૂઆતમાં આ ગરીબ લેખકને વગર ઓળખાણે વલ્લભદાસ શેઠે રૂા. ૧૭૫) એકસો પંચોતેરની કીમ્મતી મદદ

આપી આ લેખકપર મ્હોટો ઉપકાર કર્યો છે અને તે ઉપકારનો બદલો પ્રભુના દરબારમાં પણ ભુલી શકાય તેમ નથી કારણ કે એ મદદથીજ કંપનીની શરૂઆત થઈ છે અને એ શરૂઆત થીજ અત્યાર સુધીમાં આ કંપનીએ પોણાબે લાખ માણસોને ખેલ તદન મફ્ત બતાવ્યો છે તેમાં કેટલાએકને દીકરીના પૈસા નહી લેવાની દૃઢ પ્રતિજ્ઞાઓ લેવરાવી છે અને એક ૫૫) પંચાવન વરસના વર સાથે એક કન્યાનું વેશવાળ થયું હતું તે આ ખેલ જોવાથી કન્યાના ભાઇએ પોતાના માતપીતાથી વિરૂદ્ધ થઈ જ્ઞાતી ભેગી કરી વેશવાળ ત્રોડી નખાવ્યું છે. આ સર્વ માન કંપનીની શરૂઆતમાં મદદ કરનાર શેઠ વલ્લભદાસનેજ અર્પણ કરવું એજ આ ગરીબ લેખક વ્યાજબી ધારે છે.

"હું નાટકકાર નથી પરંતુ મારી ભાગ્યદેવીએ મને નાટકકાર બનાવ્યો છે, ભાટીઆ જ્ઞાતી જેવીજ ધર્મમાં ઉચ્ચ ગણાતી કપોળજ્ઞાતીમાં મારો જન્મ થયો છે. હું એક આબરૂદાર ગૃહસ્થનો પુત્ર છું. મારી નવ વરસની ઉમ્મરે મારા પીતા સ્વર્ગવાસ થયા પછી મારા કાકાશ્રીએ મને પુત્ર ગણી પાળક પીતા તરીકે મને મોટો કર્યો. મુંબઈમાં પોતાની લાખ્ખો રૂપીઆનું બીજનેસ કરનારી જનરલ દુકાનમાં મને વેપારી કેળવણી આપવી શરૂ કરી. વ્યાપાર કળાની યુદ્ધકળામાં મને પ્રવિણ બનાવ્યો. ઈશ્વરલીલાના પરિબળે હું મારી સતર વર્ષની ઉમ્મરમાં મારા સ્વતંત્રપણે લાખો રૂપીઆનું બીજનેસ કરતો. મારી બાળક ઉમ્મરમાં વ્યાપારકળાની અદ્ભુત કુશળતાથી પૂર્ણ પ્રસન્ન થઈ. વ્યાપારનો સમસ્ત કારભાર મને સોંપી મારા કાકાશ્રી પોતે ઘણો વખત દેશમાં રહેતા. મારા કાકાશ્રીના પૂર્ણ પ્રતાપથી હું મારી બાળક જીંદગી સુખમાં વૈભવમાં વ્યતિત કરતો હતો. દુકાનમાં સોળ નોકરો ઉપર અમલ ચલાવતો હતો. વ્યાપારવૃદ્ધિની તલ્લીનતામાં

મગ્ન થઈ સંસારી અનેક તૃષ્ણાની તૃપ્તિના અભિલાષમાં મુંબઈ નગરી જેવી મહાન અલૌકિક નગરીમાં અમીરી હાલત ભોગવતો હતો. તેવામાં મારી ભાગ્યદેવીએ મારા ભાગ્યનું ચક્ર ફેરવી નાંખ્યું છે. મારી જીંદગીમાં મ્હોટી ઉથલપાથલ કરી નાંખી છે. વિગત નીચે મુજબ છે:

"આ વખતે મારી સત્તરવર્ષની ઉમ્મર હતી હવા ફેર કરવાને માટે હું મારે વતન રાજુલા ગયો હતો. રાજુલામાં એક કન્યાવિક્રય કરનાર માણુસને ત્યાં એક સતર વર્ષની કન્યા હતી. આ કન્યા મારી જ્ઞાતીમાંની હતી. કન્યાના બાપે કન્યાના ઘણાજ પૈસા ઉપજાવવા માટે કન્યાને મ્હોટી કરી હતી પણ પ્રયાસ કરતાં મોટી રકમ આપનારો મોટી ઉમ્મરનો વર નહીં મળવાથી અને કન્યા મોટી ઉમ્મરની થએલી હોવાથી કન્યાને તાકીદે પરણાવી દેવા માટે તેના સગાવ્હાલા અને કુટુંબીઓ તરફથી ઠપકા ભરેલી ભલામણોથી અંતે કંટાળી જઈ નિરાશ થઈ ઓછા પૈસા લઈને પણ કન્યાને તાકીદે પરણાવવા આ દુષ્ટ માણુસે વિચાર કર્યો. તાત્કાલિક ઉપાયના સંજોગમાં આ સમયે હું તેની નજરે પડ્યો. મારી ન્હાની ઉમ્મર આવડત અને મારા કુટુંબની સારી સ્થીતિની તેને પુરી માહીતી હોવાથી તેણે મારી સાથે પોતાની કન્યાનું વેશવાળ કરવા માટે પોતાના એક અંગતના માણુસને મારે ઘેર મારા માતુશ્રી પાસે મોકલ્યો. કન્યા ભણેલી મ્હોટી ઉમ્મરની અને ઠીક લાગવાથી મારા માતુશ્રીએ રૂપીઆ એક હજાર રોકડા આપવાની શરતે વેશવાળ નક્કી કર્યું પણ મુંબઈથી મારા કાકાશ્રીની અનુમતી મંગાવવા માટે દશ દિવસની મુદત નાંખી. મારા કાકાશ્રીને આ વેશવાળ કરવા માટે મેં એક પત્ર લખી જવાબ મંગાવ્યો—પત્ર ટપાલમાં ચાલતો થયો. મનુષ્ય એક ઇચ્છા ધારે છે. ત્યારે ઇશ્વર બીજી ઇચ્છા ધારે છે. પ્રભુની

ગતી ગહન છે: મુંબઈના પત્રની રાહમાં દીવસો ઓછા થવા માંડ્યા સાતમે દીવસ એક કવર ટપાલમાં આવ્યું. અંદર લખ્યું હતું કે: "આ કાગળ વાંચી શનીવારે સાંજના ૭ વાગે નિશાળના મોટા દરવાજા આગળ જરૂર મળજો" આ પત્ર વાંચી મને નવાઈ જેવું લાગ્યું. આ પત્ર કોણે લખ્યો હશે? તે બાબતનો વિચાર સુજ્યો નહી છેવટે શું હકીકત છે. તે જોવા અને જાણવા માટે ચાલ્યો નિશાળના દરવાજાના ઓટલા ઉપર બેઠો. અરધો કલાક થયો કંઈક અધારૂં થયું. કોઈ નથી એમ ધારી રવાને થવાનો હું વિચાર કરતો હતો તેવામાં કન્યા ત્યાંથી નીકળી. મને જોઈ મારી પાસે આવી મર્યાદા તજીને મારી સાથે ઉતાવળે ઉતાવળે વાતચિત કરવા માંડી:

મેં તમને કાગળ લખી બોલાવ્યા છે તેનું કારણ એટલુંજ છે કે તમારી સાથે મારૂં વેશવાળ નકી થયું છે. તેમાં પરમ દીવસથી મારા બાપનો વિચાર બદલાઈ ગયો છે આપણા ગામનો ગોર મારૂં વેશવાળ સાડા ત્રણ હજાર રૂપીઆમાં નકી કરી આવ્યો છે. વર તરફના બે ત્રણ માણસો ધર્મશાળામાં ઉતર્યા છે. વરની ઉમ્મર મારા બાપ ચાલીસ વરસની કહે છે મારી મા, વરને ઓળખે છે એટલે વરની ઉમ્મર બાવન વરસની કહે છે આ વેશવાળ કરવામાં મારી મા, નો જરાપણ વિચાર નથી પણ મારા બાપ માનતા નથી. મારા બાપ સાથે મારી મા, ને બહુજ બોલવું થયું છે. આ વાત હું તમને કહેવા આવી છું કે તમે આપણું વેશવાળ કરવામાં ઢીલ કરતા નહીં. એક બે દીવસમાં વેશવાળ નક્કી કરી નાંખજો. વધારે રૂપીઆ આપવા પડે તો આપજો એમ છતાં ન માને તો સાડા ત્રણ હજાર રૂપીઆ આપીને પણ વેશવાળ જલદી નક્કી કરી નાંખજો પુરે પુરા રૂપીઆ મળશે એટલે મારા બાપ ના નહીં પાડે

તમે મુંબઈ રહો છો વળી તમારી સ્થિતિ પૈસાપાત્રવાળી છે એટલે ભલામણ કરવા શરમ છોડીને આવા અંધારામાં અહીં આવી છું આવી રીતે આવતાં મારા મનમાં બહુજ ઓછું આવે છે પણ શું કરૂં........

આ પ્રમાણે બોલતાં બોલતાં કન્યાની આંખમાંથી આંસુ આવ્યા. ડુસકા ભરતી કન્યા રોવા માંડી. આ બનાવ જોઈ હું ગભરાણો કોઇપણ વખત નહીં જોએલો તેવો પ્રસંગ જોતાં મારૂં બાળક હૃદય ધડકવા લાગ્યું કન્યાને જવાબ આપવાની શક્તિ મારામાં રહી નહીં. એટલામાં ઇશ્વરે પોતાની શક્તિનો કંઈક અંશ મારી જીભ ઉપર મુકવાથી મારામાં બોલવાની શક્તિ ઉત્પન્ન થઈ કન્યાને ધિરજ આપી, શાન્તી આપી, દૃઢઆશા આપી છેવટમાં ન સહન થઈ શકે તેવા શબ્દોમાં ન પાળી શકાય તેવી સત્ય પ્રતિજ્ઞા લઈ હું મારે ઘેર ચાલતો થયો.

નિરાશાના બાગમાં આશાના ફુલ વિણવા નિકળેલી નિરાધાર કન્યા પોતાના યત્નને સફળ થયો સમજી આનંદ સરોવરમાં ન્હાતી ન્હાતી પોતાના ઘર તરફ વિદાય થઈ ગઈ.

મનુષ્યને પોતાની આખી જીંદગીમાં કોઈપણ વખત નહીં ઇચ્છેલો તેવો અઢળક લાભ અચાનક પ્રાપ્ત થતાં તેના હૃદયમાં જેટલો આનંદ પ્રગટ થાય તેનાં કરતાં પણ વિશેષ આનંદ આ મનોહર કન્યાના મુખ દર્શનથી મારા હૃદયમાં પ્રગટ થયો સ્વપ્નામાં પણ કોઈ વખત નહીં ધારેલો બનાવ દૃષ્ટી સમીપ તાદૃશ્ય થતાં દૃષ્ટીને કંઇક નવી સૃષ્ટીનું ભાન થયું. આવી સમજુ સદ્ગુણી અને સાહસિક કન્યાને પરણી હું કેટલો ભાગ્યશાળી થઈશ એવા મહાન વિચારે ચિતને ચગડોળે ચડાવ્યું. કન્યાના બાપને ગમે તેટલા પૈસા આપવા પડે તો આપીને આ કન્યાને, જ પરણું એવો દૃઢ હૃદયે દૃઢતા પૂર્વક દૃઢ નિશ્ચય કર્યો. કાકાશ્રીની મારા

ઉપર અપૂર્વ પ્રીતિ અને અનિવાર્ય પ્રેમ છે એટલે મારા તરફની અમૂલ્ય મંગળરૂપ માગણી અત્યંત માન્ય સહિત સ્વીકારતાં લેશ માત્ર પણ પ્રતિકૂળ નહીં થાય એવી અમર આશાની આનંદ સમાધિમાં કન્યાપરના ઉત્પન્ન થએલા મોહથી ઉન્મત થએલું ચિત્ત તાત્કાલીક પ્રયત્નની શોધ સમાધિમાં સ્વસ્થ થયું.

"એક બે દીવસમાં કેવી રીતે કામ પાર પાડવું" તેના સંકલ્પ વિકલ્પની સૃષ્ટીમાં મન ડુબી ગયું. ન્હાની ઉમર અજ્ઞાન બુદ્ધિ સંસાર વ્યવહારનો ઓછો અનુભવ શિરપર પરતંત્રતાનો બોજો–પૈસા બાબતની બિલકુલ સ્વતંત્રતા નહી. કાકાશ્રી મુંબઈ હું અહીંઆ–એક બે દીવસમાં કોઈપણ રીતે કાર્યસિદ્ધ થઈ શકે નહીં. એવા નિરાકરણે મનને ખેદમય બનાવ્યું. મસ્તીક ગુંચવારામાં પડ્યું. આવી સ્થિતીમાં આવા સંજોગોમાં તેનો તત્ક્ષણ લાભ મેળવવા ફતેહ પામનાર, જીવલેણ ખાસીનું દરદ હોવાં છતાં બાવન વરસની મ્હોટી ઉમ્મરે પરણવાની ઈચ્છા રાખનાર કલીયુગ જમાનામાં પરમાત્મા કરતાં પણ દહોઢ પરમાત્મા તરીકે કાર્યની ગરજ સારનારૂં સાધન "શ્રી મહાદેવી માયા લક્ષ્મી"ના પૂર્ણ પ્રતાપી સાધનવડે કન્યાને ખરીદ કરવા આવનાર ચોથી વખતના લગ્નના ઉમેદવાર વૃદ્ધ પતિના ભાગ્ય સાથે ભાગ્યહિન બાળક કન્યાનું ભાગ્ય જોડાઈ ગયું.

"ગમે તેવો શુરવીર લડવૈયો હોય પણ રણસંગ્રામમાં હથિઆરવિના જેમ નકામો ઠરે. તેમ કન્યાવિક્રયના રણસંગ્રામમાં જીત મેળવી કન્યા મેળવવા શુરવીર થએલું મન પૈસાના હથિઆરવિના નકામું થયું."

"વિધાતાના લખેલા લેખ મનુષ્યથી મિથ્યા થઈ શકતા નથી." મનુષ્ય ગમે તેટલો શુભાશુભ પ્રયત્ન કરે પણ ઈશ્વરકૃપા વિના સફળ થઈ શકતો નથીઃ તેવી રીતે કન્યાવિક્રય કરનાર

ક્રૂર પિતાના પાપી પંજામાંથી છુટી જવા પોતાની આખી જીંદગીના સુવર્ણમય સાચા સુખનો માર્ગ શોધવા લોકલજ્યાને તજી મહાભારત પ્રયત્નનો પ્રારંભ કરનાર શુરવીર સાહસીક અને હીમ્મતવાન કન્યા ઈશ્વરની કૃપાવિના પોતાના પ્રયત્નમાં સફળ થઈ શકી નહીં.

"ઇશ્વરે રચેલી સ્રષ્ટીમાં" સુખ દુઃખ, ના નામનું નાટક ભજવવા આવનાર મનુષ્ય પાત્રો પોતાની નિર્માણુ થએલી આયુષ્ય સુધી પોતાનો પાર્ટ ભજવી બતાવી જેમ સદાને માટે ચાલતાં થાય છે તેમ ઇશ્વર લીલાના બળથી રચાએલી અંતર સ્રષ્ટીમાં "વરકન્યા" ના નામનું નાટક ભજવવા આવનાર "કન્યા-પાત્ર" ઇશ્વરી નિર્માણુ થએલા દશ મીનીટના ટાઇમના મેળાપના આયુષ્ય સુધી પોતાનો પાર્ટ ભજવી બતાવી "કન્યા" સદાને માટે ચાલતી થઈ. પોતાનું ભાગ્ય પોતાની સાથે લેતી ગઈ. પોતાના સ્વચ્છ સ્વરૂપના પ્રચંડ તેજનું પ્રતિબિમ્બ મારા ભાગ્યપર પાડતી ગઈ. ભાગ્ય દેવીનું ઉગ્ર સ્વરૂપ ધારણુ કરી મારા ભાગ્યનું ચક્ર ફેરવતી ગઈ અને પોતાની અદૃશ્ય પ્રતિમાની સદંતર સ્મૃતિ માટે પોતાના હસ્તાક્ષરથી એક હૃદયભેદક પત્ર લખતી ગઈ...

"નિરાધાર કન્યાની નિર્દોષ મુલાકાતથી બાળક બુધ્ધિના અજ્ઞાનપણામાં કન્યાને આપેલા વચનથી, નિરાશ થએલી કન્યાના હસ્તાક્ષર પત્રથી બળતા અંતરથી લખેલા હૃદયભેદક શબ્દોથી મારૂં ચિત ફરી ગયું છે. મારૂં અંતઃકરણુ વિંધાઈ ગયું છે. એક અવતારમા મે બીજો અવતાર ધારણુ કર્યો છે. દીકરીના દુષ્ટ માબાપો પૈસા પાસે દીકરીના જીવનની કીમ્મત કરી શકતા નથી એવા મહાન બળવાન વિચારે મારી જીંદગીમાં મ્હોટી ઉથલ પાથલ કરી નાંખી છે. આ બનાવ બન્યા પછી થોડાક મહીના સુધી મારૂં ચિત ભ્રમિત થઈ ગયું હતું. દિવાનાપણુાની હાલત ભોગવતું હતું. આવી હાલતમાં સંસારને તજી દઈ સાધુ

થઈ જવા માટે જુનાગઢપાસે બિલખા ગામમાં મહાત્માશ્રી નથુરામ શર્માને શરણે થવા ચાલ્યો ગયો હતો. આ બાબતથી મારા કુટુંબને મારી ગોત શોધ કરવાની બહુજ ઉપાધિ ભોગવવી પડી હતી. મહાત્માશ્રીએ મ્હારી ન્હાની ઉમર. બાળક બુદ્ધિ જોઈ. મને બહુજ સમજુતી આપી. બહુજ શીખામણ આપી. રોષે ભરાએલા બાળકને માબાપ સમજાવી શાન્ત કરે તે પ્રમાણે પોતાની પ્રબળ બુદ્ધિથી મારી ભ્રમિત થએલી ચિતવૃત્તિને શુદ્ધિમાં આણી–સંસારમાં રહી જગતનું અને કાયાનું કેમ કલ્યાણ થાય એવો સરળ માર્ગ દેખડાવી મને પાછો મારે ઘેર મોકલાવ્યો છે મહાત્માશ્રીની આજ્ઞાથી મારે ઘેર આવ્યો છું આ બનાવને આજે લગભગ દશ વર્ષ થવા આવ્યા છે. દશવર્ષથી નિરાશ થએલી કન્યાના નામ ઉપર મેં મારા પાળક પિતાની લાખખોરૂપીઆનું બિજનેસ કરનારી પ્રતાપી ગાદીને શરીરપર પહેરેલાં ત્રણ કપડાથી છેલ્લા પ્રણામ કર્યા છે ભરવસ્તીવાળા કુટુંબને તજી દીધું છે. ન્હાના ભાઇઓને તજ્યા છે. ન્હાની બ્હેનને તજી છે. જન્મ આપનાર વત્સલ માતુશ્રીને તજી છે. ન્હાનપણામાંથી અનેક લાડલડાવી પુર વૈભવમાં ઉછેરી મ્હોટો કરનાર મારા પાળક પિતાને તજ્યાછે. સંપતિને સ્થાનકે વિપતિનું સ્થાપન કર્યું છે અમીરી હાલતને બદલે ફકીરી હાલત ભોગવવી શરૂ કરી છે. કન્યાવિક્રયનો કરપીણુ રીવાજનો અંધકાર દુર કરાવવામાંજ બાકી રહેલી આયુષ્યની પૂર્ણાહુતી કરવા ધારી છે. રખડતા, રઝળતા, ભટકતા ભીખારીની માફક જીંદગી પસાર કરૂં છું. આ પ્રમાણે આજે દસ વર્ષ થવા આવ્યાં છે તેમાં સાડા ત્રણ વરસ સુધી ઉજાગરા વેઠી વેઠી નદીના કીનારા ઉપર બેસી બેસી. રાત દિવસના સતત પ્રયાસે "કન્યાવિક્રયની ક્રૂરતા" નામનું નાટક રચી તૈયાર કર્યું છે. ભોજરાજા અને કવિ કાલીદાસ

ના વખતમાં નાટકો ભજવાતા હતાં અને પ્રજાવર્ગને તદન મફત બતાવી ધર્મના અને નિતીના શિક્ષણ અપાતાં હતાં. તે પ્રમાણે આ હડહડતા કળીકાળમાં સ્વાર્થી સંસારમાં મારા સ્વાર્થનો અને જાતીનો ભોગ આપી પ્રજાવર્ગમાં "કન્યાવિક્રયની ક્રૂરતા" નાટક મફત બતાવી "કન્યાવિક્રય સામે લડત" વગર હથીઆરે કોઇની પણ મદદ સિવાય ચલાવું છું. કોઇપણ જાતનું કાંઇપણ સાધન સિવાય જનસમાજની સેવા બજાવવા જતાં એવા દુઃખો ભોગવવાં પડે છે કે કોઇ વખત એક પૈસો ચા પીવા માટે પણ પાસે રહેતો નથી. પાપી પેટ બે વખત ઉઘરાણી કરે છે તેમાંથી કોઈવખત એકાદ વખતની ઉઘરાણી ચુકાવી બાકી રહી જાય છે. છતાં પણ "શ્રીમનુષ્ય યત્ન ઇશ્વરકૃપા" એ કહેવત પ્રમાણે હીમ્મત રાખી મારૂં કૃતવ્ય આગળ વધારે જાઉ છું.

"શ્રીપરમકૃપાળુ શેઠ વલ્લભદાસ જમનાદાસ" તરફથી મળેલા રૂપીઆ એકસો પંચોતેરની મદદથી મેં "શ્રીકન્યાવિક્રયનિષેધક નાટક સમાજ"નું સ્થાપન કર્યું છે આ મદદથી જ હું "કન્યાવિક્રય સામે લડત" ચલાવવા ખરેખરો ભાગ્યશાળી થયો છું. અત્યાર સુધીમાં કુલ્લે પોણ બે લાખ માણસને તદન મફત નાટક બતાવી બોધરૂપી અમૃતનું સિંચન કરી સમગ્ર પ્રેક્ષકોના હૃદયનું આકર્ષણ કર્યું છે.

જુદા જુદા દેશ દેશાવર પહોંચી શકે તેવી ગોઠવણ સાથે ઓગણ પચાશ હજાર પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. બારસો રૂપીઆ જેટલી રકમ સાંજવર્તમાન પત્રની ઑફીસમાં ભરી મોટી જાહેર ખબરો છપાવી નાટક નહીં જોવા આવી શકે તેવા માણસોના નેત્ર જાગૃત કર્યાં છે. દરેક જ્ઞાતીઓના આગેવાનો માર્ફત જ્ઞાતીઓને ભેગી કરી. તથા જુદી જુદી બજારના તમામ વેપારીઓને તથા મિત્રમંડળોના સભાસદોને આમંત્રણ કરી નાટક બતાવી

નાટકશાળામાં સ્ટેજના તખ્તા ઉપર હજારો પ્રેક્ષકોની સમક્ષ અત્યાર સુધીમાં (૮૭) સતાશી મોટા મેળાવડાઓ કર્યા છે. તેમાં દીકરીના પૈસા નહીં લેવાની પ્રતિજ્ઞાઓ લેવરાવી છે. એક વૃદ્ધવર સાથે કન્યાનું થએલું વેશવાળ નાટક જોવાથી તુટી ગયું છે. બે જ્ઞાતીના મિત્રમંડળો તરફથી મને બે સોનાના "ચાંદ" મળ્યાછે અનેક પુષ્પના હારો મળ્યા છે. પ્રેક્ષકવર્ગો તરફથી સરટીફીકેટ રૂપે પોષ્ટ માર્ફત અગીઆરસો ધન્યવાદ પત્ર મળ્યા છે આ સર્વે માન, તથા તુટી ગએલા વેશવાળથી બચી ગએલી કન્યાની જીંદગીનું મહાપુણ્ય; વગર ઓળખાણે, લાગવગની સાબીતી સિવાઈ, એક પત્ર ઉપર આધાર રાખી, પ્રથમ મુલાકાત મદદ કરી સમાજની શરૂઆત કરાવનાર શેઠ વલ્લભદાસને જ અર્પણ કરવામાં મારૂં કૃતવ્યભાગ્ય પોતાનું સદ્‌ભાગ્ય સમજે છે અને તે સર્વે સત્યતા પુર્વક તેઓ શેઠને ઈષ્ટ થાઓ તેવી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

"ઉપર પ્રમાણે સમાજની સેવા બજાવતાં, મુંબઈ નગરમાં નાટકશાળાના મ્હોટાં ભાડાં ભરતાં સીનસીનેરીનું જુદુ ભાડું ભરતાં, પચાશ સાઠ એકટરોનો પગાર ભરતાં એટલુંજ નહીં પરંતુ દશવર્ષથી મહા પ્રયાસ કરતાં એક પાઈના સાધન સિવાઈ રાજતંત્ર જેવો ખર્ચ નિભાવી મફત નાટક બતાવતાં મારા શરીરને એટલો હદ ઉપરાંત પરિશ્રમ પડ્યો છે, કે જેને પરિણામે મને પેઢુમાં બે બાજુ બે સારંગ ગાઠનું મહા ભયંકર દરદ ઉત્પન્ન થયું છે આ સારંગ ગાંઠનું ભયંકર દરદ મારા શરીર સાથે શત્રુતાનો સબંધ ધરાવી મારા મૃત્યુની રાહ જોતું મારે ખોળે બેઠું છે. આ સારંગ ગાઠના ઔષધ ઉપચારને માટે સેન્ડહર્સ્ટ રોડપર આવેલી પોવેલ કંપનીમાંથી બારરૂપીઆની કીમ્મતનો ચાંમડાનો પટ્ટો ખરીદ કરવો પડ્યો છે અને તે પટ્ટો પહેરૂં છું

ત્યારેજ ધરતી ઉપર મારાથી ચાલી શકાય છે. સારા, ઉચ્ચાં અને અનુભવી ડાકટરનો પણ એવો અભિપ્રાય છે કે તમો પ્રાણુલાલનો પાર્ટ ભજવતાં ચાલુ ખેલમાં સ્ટેજ ઉપર અચાનક મરી જશો પણ દરકાર નથી. મરવું એક વખત ચોક્કસ છે તો પછી મરવા માટેજ આરંભ કરેલા કામને માટે ડરવું તદન નકામું છે. જે કન્યાએ મારા નામ ઉપર સાચી ખોટી આશા રાખી તેમાં નિરાશ થઈ અણુગમતા વૃદ્ધ પતીને પરણી સવાબે વર્ષમાં વિધવા બની છે. વિધવા બનેલી કન્યાએ "આશા" એ બે અક્ષરના નામ ઉપર પોતાની જીંદગીને બરબાદ કરી નાંખી છે તો તે પવિત્ર કન્યાના પવિત્ર નામ ઉપર મેં મારી અમીરી સ્થીતીનો અનુભવ આપતી આખી જીંદગીને કુરબાન કુરબાન કરી નાંખી છે. ઇશ્વર આજ્ઞાપૂર્વક સત્ય પ્રતિજ્ઞા છે કે ઇશ્વરના દરબારમાં મારા આયુષ્યની કલ્પના હશે તો કચ્છ, ગુજરાત, કાઠીયાવાડની અજ્ઞાન પ્રજામાં જઇને ત્રીશ લાખ માણુસોને આ નાટક મફત બતાવવું છે. અને ત્રીશ લાખ પુસ્તકો પ્રસિદ્ધ કરી કન્યાશાળાઓમાં તથા સ્કૂલોમાં વહેંચવાં છે. આટલો પ્રયાસ કરતાં કદાચ પચીશ પચાસ કન્યા બચી જશે તો પણ હું. એમ સમજીશ. કે નિરાશ થએલી કન્યાના પ્રાયશ્ચીતમાંથી મુક્ત થઈ મેં મારી જીંદગી સફળ કરી છે.

"કન્યાવિક્રયની સામે લડત, ચલાવવા માટે જે કામ મ્હોટા વિદ્વાનોથી, કવિઓથી, લેખકોથી, વક્તાઓથી, મિત્રમંડળોના સભાસદોથી, જ્ઞાતીઓના આગેવાનોથી, એટલુંજ નહીં પરંતુ કન્યાવિક્રય નિષેધક તરીકે બહાર પડેલા પૈસાદાર ગૃહસ્થોથી બની શકયું નથી તે કામ મેં એક પાઈના સાધન સિવાઈ પ્રજા સમક્ષ પ્રત્યક્ષ કરી બતાવ્યું છે. ફક્ત ગુજરાતી પાંચ ચોપડીના અભ્યાસ પરથી લેખક કળાનું કામ શીખી સતર વરસની નાની વયમાંથી તે અત્યાર સુધીના સતાવીશ વરસની ઉમ્મરમાં દશ વરસના

મહાપ્રયાસમાં મ્હોટો ખર્ચ નિભાવતાં જીંદગીના જોખમો વેઠીને આ પ્રમાણે સમાજની સેવા બજાવી છે. કહેવા કરતાં કરી બતાવ્યું છે. તો હવે મુંબઈ નગરીના મહાન પરોપકારી અને ધર્માત્મા લક્ષાધિપતિ ગૃહસ્થોએ મારા ઉપર મારા કરેલા સાહસિક કામ-કાજથી ખુશી થવું જોઇએ. અને ખુશી થઇને ખુશાલીના શબ્દો વચ્ચે માનની દૃષ્ટિથી મારી મુલાકાત સ્વીકારવી જોઇએ અને કન્યાવિક્રય નિષેધક તરીકે મારી ઓળખાણ કરીને મને ભાડાની સીનસીનેરીમાંથી મુક્ત કરી સ્વતંત્ર સીનસીનેરીનું સાધનરૂપી હથીઆર બનાવી આપવું જોઇએ કે જે હથીઆરવડે દેશની અજ્ઞાન પ્રજા સમક્ષ કન્યાવિક્રય સામેલડત ચલાવવા હું ભાગ્ય-શાળી થાઉં અને મારા મનની દરેક ઇચ્છાઓ અને દરેક ધારણાઓ સરળતાથી સફળ કરી શકું. "સીનસીનેરીના" સાધન-રૂપી હથિઆર તૈયાર કરવા માટેજ મેં આ અરજી છપાવી પ્રસિદ્ધ કરી છે. દશ વરસથી હૃદયમાં રહેલી બાબત બહાર પાડતાં મારા અંતઃકરણને બહુજ દુઃખ ખમવું પડ્યું છે. ભુત-કાળની બાબત તાજી થતાં મારા ચક્ષુમાંથી અશ્રુ કેટલાં ખલીત થયાં હશે તેનો સાચો સાક્ષી ઇશ્વર છે.

"નેક નામદાર ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજા શ્રીએ શ્રીયુત ડાહ્યાભાઈ ધોળશાજીને નાટકકાર તરીકે સીનસીનેરી બનાવવાને માટે પંદર હજારની રકમ આપેલી છે. તો રાજા મહારાજાઓની પંક્તીમાં ગણાતા મુંબઈ નગરીના એકાદ ગૃહસ્થ મને શ્રીકન્યાવિક્રય નિષેધક સમાજ નીમીતે સીનસીનેરી બનાવવા માટે છ માસની મુદતે પાછા લેવાની શરતે છ હજાર રૂપીઆ ઉદાર વૃત્તીથી અર્પણ કરશે તો કસાઈ ખાનેથી અનેક ગાયો છોડાવવામાં જેટલું મહાપુણ્ય થાય છે તેનાં કરતાં અનંત ગણું મહાપુણ્ય કન્યાવિક્રયના કસાઈ ખાનેથી મનુષ્યરૂપી જીવતી ગાયોને

છોડાવવામાં થશે તેમાં કોઇથી ના કહી શકાય તેમ નથી અને અવર્ણુનિય ઉપકારનો શુભકારક અને કલ્યાણુકારી બદલો ઈશ્ર દરબારમાં પહોંચ્યા પછી ઈશ્વરની અદલ ઇનસાફી કોર્ટમાં ચલાવી ત્યાંથી મોકલાવી આપવા ચોક્કસપણે બંધાઉ તો કાંઈ આશ્ચર્ય જેવું ગણાશે નહીં. વિશેષ શું લખવું એજ વીનંતી

લીઃ શુભેચ્છક સેવક **લક્ષ્મીદાસ પરમાણંદદાસ** ભુતા
રાજુલાકરના અનંત સ્નેહભાવે સાષ્ટાંગ દંડવત પ્રણામ
સ્વીકારશોજી

લેખકના હ્રદય ઉદગાર.

"અસાર સંસારના સાગરે, વૃથા ડુબતું નાવ આજે;
"દુર્ભાગ્ય કર્મના પ્રવાસે, ડુબ્યું તરતું નાવ આજે.
"સદ્‌ભાગ્ય ચિત્તના સંસ્કારે, વિકાર વામાં વહેરાયો;
"સુન્ય સ્રષ્ટીના અન્ધકારે, શુષ્ક શ્રમ સફળ કહેવાયો.

લેખકના હ્રદય બળાપા.

"નિરાશાના બાગમાં, આશાના છે ફૂલ;
"તે ફૂલને વિંણવા જતાં, ઝીંદગી થઈ ગઈ ધૂલ.
"આશાને અમર ગણી, શરૂ કર્યો મેં પ્રયાસ;
"પાણીને વગોવતાં, નહીં માંખણ નહીં છાસ.
"મુંબઈ શહેરમાં વસતો હતો, રહેતો સુખ મોઝાર;
"પાળક પીતાના રાજમાં, દુઃખ ન જોયું લગાર.
"કન્યાનું દુઃખ દેખીને, હ્રદય ધરી મેં દાઝ;
"કન્યાવિક્રય બંધ થશે, સમજી સ્થાપી સમાજ."

Printed by Ramchandra Yesu Shedge, Nirnaya Sagar Press, 23, Kolbhat Lane, Bombay.

Published by Laxmidas Parmananddas Bhutta, Rajula, State Bhawnagar.